
# ધી ન્યુઝલાઇન


વર્ષ : ૨૭ અંક : ૨૫૪ તા.૨૯-૦૬-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# બજારના સેન્ટીમેન્ટ ઉપર પોઝિટિવ અસર

ગયા અઠવાડિયે ડેરીવેટીવઝ રોલઓવર સફળતા પૂર્વક પસાર થયા પછી રિલાયન્સની વાર્ષિક સામાન્ય સભામાં વિવિધ જાહેરાતો આવવાને કારણે બજારના સેન્ટીમેન્ટ ઉપર પોઝિટિવ અસર થઈ છે. દેશમાં ચોમાસાની પ્રગતિ પણ સંતોષકારક છે અને આ પાસાને કારણે આગામી દિવસોમાં સેન્સેક્ષ અને નિફટીમાં નવી ડેરીવેટીવ સિઝન દરમ્યાન મજબૂત ઉછાળો જોવા મળે તે સંભાવના છે. કંપનીઓના પરિણામો પણ માર્ચ ક્વાર્ટર દરમ્યાન ઘણા સારા આવ્યા હતા અને તે પછી હવે જૂન ક્વાર્ટરમાં એપ્રિલ અને મે મહિના બગડ્યા હોવાને કારણે થોડીક નબળાઈ જોવા મળે તે સંભાવના

**થોમસકૂક**નો શેર છેક રૂા. ૪૦-૪૪ના ભાવથી લેવડાવીએ છીએ





છે પરંતુ એકંદરે વિવિધ સેક્ટરના આંકડા પોઝિટિવ આવે તે આશાવાદ વધ્યો છે.

બીજી તરફ અમેરિકન શેરબજારમાં ગયા અઠવાડિયા દરમ્યાન સુંદર ઉછાળો જોવાયો અને અમેરિકાના પ્રમુખ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેનું મહત્ત્વનું પેકેજ જાહેર કર્યું હોવાને કારણે અર્થતંત્રને વધારે બળ મળશે તેવો આશાવાદ વધ્યો છે. અને તે સંભાવના પાછળ ગયા અઠવાડિયે અમેરિકાના ત્રણેય ઈન્ડેક્ષમાં મજબૂત ઉછાળો જોવાયો હતો.


બેરોજગારીના આંકડા પણ અપેક્ષા કરતા સારા આવે તેવી અપેક્ષા છે અને રોજગારી દર સુધરશે તે આશાવાદ પણ વધ્યો છે. અમેરિકન પ્રમુખ દ્વારા અર્થતંત્રને મજબૂત કરવા માટે લગભગ એક ટ્રીલીયન ડોલરનું પેકેજ તૈયાર કરવામાં આવ્યું છે અને અમેરિકન સંસદમાં બંને પાર્ટીઓ દ્વારા તેને સપોર્ટ અપાય તેવી સંભાવના છે. અને આ પેકેજમાં ૫૭૯ બિલિયન ડોલરનું ભંડોળ રોડ, બ્રિજ, રેલવે, ઈલેક્ટ્રિકલ વૈહિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈલેક્ટ્રીક ટ્રાન્ઝીટ વગેરે માટે વાપરવામાં આવશે. અગાઉના અઠવાડિયા દરમ્યાન ફેડરલ રિઝર્વ દ્વારા વર્ષ ૨૦૨૩થી સ્ટીમ્યુલસ પાછું ખેંચવામાં આવશે અને વ્યાજદરમાં ધીરે ધીરે વધારો કરાશે તેવો સંકેત આપ્યો હતો. અમેરિકન અર્થશાસ્ત્રીઓ અને શેરબજારના એનાલિસ્ટોના મંતવ્ય મુજબ અર્થતંત્ર માટે આ પોઝિટિવ પાસું છે પરંતુ જો વ્યાજદરમાં વધારો થાય તો તેને કારણે સિસ્ટમમાં જે લિક્વીડીટી છે તેને અસર પડે અને તે પાછળ ગયા અઠવાડિયા દરમ્યાન શેરબજારમાં ઘટાડો જોવાયો હતો પરંતુ હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેકેજને કારણે બજારનો મૂડ ફરી એક વખત તેજીમય થઈ ગયો છે અને તેની સીધી અસર એશિયાઈ બજારો અને ભારતીય બજારો ઉપર જોવાઈ, નવા અઠવાડિયા દરમ્યાન ભારતીય બજારોમાં પરિણામોની અપેક્ષા પાછળ સુંદર ઉછાળાની જગ્યા છે. અને સૌપ્રથમ પરિણામો આઈટી સેક્ટરની શરૂ થશે અને તેમાં રૂપિયો નબળો પડી રહ્યો હોવાને કારણે આઈટી સેક્ટરના શેરોમાં આકર્ષણ વધતું જાય છે. ગયા અઠવાડિયે ઈન્ફોસીસમાં તોતીંગ ઉછાળો જોવાયો અને તે પછી ટીસીએસ, માઈન્ડ-ટ્રી, માસ્ટેક વગેરે શેરોમાં પણ સુંદર ઉછાળો જોવાયો હતો અને રૂપિયામાં આ રીતનો ઘસારો ચાલુ રહેવાની સંભાવના હોવાથી આઈટી શેરોમાં આકર્ષણ વધવાની ગણતરી છે.

સામે પક્ષે અર્થતંત્રના વિવિધ સેક્ટરોને ખુલ્લા મૂકવામાં આવ્યા છે. અને ગુજરાતમાં કરફ્યૂનો સમય ઘટાડવામાં આવ્યો, સિનેમા ગૃહ પણ હવે શરૂ થશે અને આગામી થોડા દિવસોમાં સ્કૂલ અને કોલેજો પણ શરૂ થાય તે સંભાવના મજબૂત છે અને આ તમામ પાસાઓને કારણે અને રસીકરણ પણ ઝડપી બન્યું હોવાને કારણે સેન્ટીમેન્ટમાં સુધારો શરૂ થઈ ગયો છે.

કોરોનાની ત્રીજી લહેર અને ડેલ્ટા વેરીયન્ટ અંગેનો ભય અતિશય ઊંચા લેવલે હોવા છતાં અત્યારના તબક્કે તો શેરબજાર અને પ્રજા આ ભયને અવગણીને નોર્મલ સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છે અને તેની અસર પણ સેન્ટીમેન્ટ ઉપર દેખાવાનું શરૂ થઈ ગયું છે.

બીજી તરફ ટોચની રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના જીડીપી વૃદ્ધિદરમાં મોટો ઘટાડો જાહેર કરવાનું શરૂ કર્યું છે. બે એજન્સીઓએ તો



## ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?




ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂા. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂા. ૨૯૫-૨૫ = રૂા. ૨૭૦


ઓનલાઇન ખરીદો GyanPothi.com

## શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો



ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂા. ૧૫ ડિસ્કાઉન્ટ રૂા. ૧૨૦-૧૫ = રૂા. ૧૦૫

## ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર




આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય.

બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા.

આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂા. ૭૯૯ રૂા. ૭૫૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com

GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે

પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે


વૃદ્ધિદરમાં મોટો ઘટાડો થશે તેવો સંકેત આપ્યો છે અને એનાલિસ્ટો અને ઈન્વેસ્ટરોને આ અંગેની અપેક્ષા હતી. અને તેને કારણે આ જાહેરાત આવવા છતાં બજાર ઉપર તેની કોઈ ખાસ નેગેટીવ અસર નથી જોવાઈ.

ઓટોમોબાઈલ કંપનીઓના કામકાજ હવે નોર્મલ તરફ આગળ વધી રહ્યા છે. વિવિધ રાજ્યોમાં શોરૂમ શરૂ થઈ ગયા છે અને આ વખતની તહેવારોની સિઝન પણ એકંદરે જોરદાર રહેશે તેવો આશાવાદ છે. વિવિધ કંપનીઓએ અત્યારે ટેલિવિઝન અને અખબારોમાં મોટા પાયે જાહેરાતો આપવાની શરૂ કરી દીધી છે. અને આ જાહેરાતોને કારણે પણ વેચાણ વૃદ્ધિમાં વધારો જોવાશે. એક તરફ અનલોક અને બીજી તરફ જાહેરાતોનો પ્રચાર અને ત્રીજી તરફ કંપનીઓ દ્વારા હવે નવા મોડલો લોન્ચ કરવાની તૈયારીઓ અને આ ત્રણેય પાસાઓને કારણે ઓટો સેક્ટરનું સેન્ટીમેન્ટ બુલીશ થવા લાગ્યું છે પરંતુ તેમાં મજબૂત ઉછાળો દેશની સૌથી મોટી પેસેન્જર કાર કંપની **મારૂતિ સુઝુકી**ના શેરમાં દેખાય છે.

એક તરફ મારૂતિ દ્વારા ૧લી જુલાઈથી વિવિધ મોડલોનો ભાવ વધારવાની જાહેરાત કરવામાં આવી પરંતુ બીજી તરફ કંપનીએ નવા મોડલો લોન્ચ કરવામાં આવશે તેવી પણ સંભાવના દર્શાવી દીધી છે અને તે પાસાને કારણે છેલ્લા એક અઠવાડિયાથી મારૂતિનો શેર મજબૂત ઉછાળામાં હતો અને તેમાં પણ શુક્રવારની એક જ સેશનમાં આ શેરે રૂા. ૧૦૮નો તોતીંગ ઉછાળો બતાવ્યો. મારૂતિ અત્યારે રૂા. ૭૬૩૬ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૮૦૦૦નો ભાવ જોવા મળશે તેમ સ્પષ્ટ દેખાય છે.

મારૂતિ પછી **તાતા મોટર્સ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. તાતા મોટર્સમાં આગામી સમયગાળામાં કોમર્શીયલ વાહનોના વેચાણો અંગે પણ આશાવાદ છે. ચીનના માર્કેટમાં જગુઆર અને લેન્ડરોવરની કામગીરી જોરદાર છે. અને છેલ્લા એક વર્ષ દરમ્યાન પેસેન્જર કાર માર્કેટમાં પણ આ કંપનીએ ખૂબ જ સુંદર માર્કેટ હિસ્સો હાંસલ કરી લીધો છે. તાતાએ લોન્ચ કરેલી આલ્ટ્રોઝ, હેરિયર વગેર પેસેન્જર ગાડીઓને સુંદર રિસ્પોન્સ છે. તાતાની નેક્સન પણ ઈલેક્ટ્રિક વાહનોમાં અત્યારે ખૂબ જ પોપ્યુલર છે અને આગામી સમયગાળામાં પરિણામો પણ સારા આવશે તે આશાવાદ પાછળ રૂા. ૩૪૦ વાળા આ શેરમાં ઝડપી ઉછાળો જોવા મળવાની ગણતરી છે. આ વખતે તાતા મોટર્સના શેરમાં હજી તો શરૂઆત થઈ છે તેમ કહી શકાય. ઘણા મહિનાઓ સુધી રૂા. ૨૮૦ ઉપર પડી રહ્યા પછી આ શેરે થોડો સમય પહેલા જ રૂા. ૩૬૦નું ટોપ બતાવ્યું હતું. અત્યારે રૂા. ૩૪૦ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેર ધીમા અને મક્કમ ઉછાળા સાથે રૂા. ૪૦૦નું લેવલ બતાવી દેશે તેમ સ્પષ્ટ દેખાય છે.

કોમર્શીયલ વાહનના ધંધામાં બીજા નંબરનું સ્થાન ધરાવતી **અશોક લેલેન્ડ**નો શેર હજી મંદીના તબક્કામાં છે. રૂા. ૧૩૯ ટચ થયા પછી શેર અત્યારે રૂા. ૧૧૮ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં હજી તેમાં થોડીક નબળાઈ જોવા મળે તો નવાઈ નહિ લાગે. થોડો સમય આ રીતે નબળાઈ જોવાયા પછી તેમાં નવી તેજીની ગણતરી છે.

ટોચની ટુ-વ્હીલર કંપની **બજાજ ઓટો**માં અત્યારે રૂા. ૪૨૧૭ના ભાવે કોન્સોલિડેશન અને નબળાઈનો તબક્કો છે. થોડા દિવસો પહેલા જ આ શેરમાં રૂા. ૪૩૬૧નું ટોપ બન્યું હતું અને તે પછી શેર અત્યારે નબળાઈ અને કોન્સોલિડેશનના તબક્કામાં ફસાયો છે.


## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com


એકંદરે ઓટોમોબાઈલ સેક્ટરમાં ટુ-વ્હીલર કંપનીઓના વેચાણોને અસર થવાની સંભાવના વધારે છે કારણ કે આ વખતની મહામારી દરમ્યાન પગારદાર વ્યક્તિઓને મોટી અસર પડી છે. બેરોજગારી મોટા પાયે છે અને પગારકાપ પણ તીવ્ર છે અને આ પાસાઓને લીધે પેસેન્જર કાર કરતા ટુ-વ્હીલરના વેચાણોને વધારે અસર થશે તે ભય વધ્યો છે અને આ કારણે બજાજ ઓટોનો શેર ટૂંકી વધઘટ અને નબળાઈના તબક્કામાં રહે તે સંભાવના છે.

સામે પક્ષે **હીરોમોટો કોર્પ**માં તો મંદી કરી શકાય તે પ્રકારનું એનાલિસીસ ચાણક્યના ચોથા પાના ઉપર આપીએ છીએ. હીરોમોટો કોર્પનો શેર રૂા. ૨૯૦૬ સુધી ઉતરી ગયા પછી શુક્રવારે રૂા. ૨૯૨૬ ઉપર બંધ આવ્યો હતો તેમ છતાં આ શેરમાં હજી મંદી પૂરી થઈ છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે અને શક્ય છે કે નવા અઠવાડિયે આ શેરમાં વધારે ઘટાડો જોવાય.

દક્ષિણ ભારતના ટુ-વ્હીલર માર્કેટમાં અતિશય મોટો હિસ્સો ધરાવતી **ટીવીએસ મોટર્સ**માં પહેલેથી જ વેલ્યૂએશન ખૂબ જ ઊંચા લેવલ ઉપર પહોંચી ગયું હતું અને તેથી આગામી દિવસોમાં આ શેરમાં ઘટાડો જોવા મળે તે સંભાવના મજબૂત છે. ટીવીએસનો શેર અત્યારે ૪૯-૫૦ના પીઈ ઉપર ચાલી રહ્યો છે અને તેથી આ શેરમાં થોડો ભાવ ઘટે તે સંભાવના મજબૂત છે. અને તે પછી નવી તેજી શરૂ થશે. નીચામાં એક તબક્કે રૂા. ૬૦૪-૫૯૨ સુધી ભાવ ઊતરી જાય તે સંભાવના પણ છે.

કોમર્શીયલ વાહનોમાં **એસએમએલ ઇઝુઝુ**નો શેર અત્યારે રૂા. ૭૧૦ ઉપર છે અને આ શેરમાં હવે ધીમો સુધારો શરૂ થવાની ગણતરી છે. તાજેતરમાં રૂા. ૪૫૦નું લેવલ બન્યા પછી તેમાં નવી તેજી શરૂ થઈ છે અને તેથી તેની ઉપર ફોકસ રાખી શકાય.

હેવી અર્થમુવીંગ ઈક્વીપમેન્ટ બનાવતી **એસ્કોર્ટ્સ**નો શેર અત્યારે રૂા. ૧૧૭૦ ઉપર છે અને તેમાં મંદીની જોરદાર પકડ છે. આગામી દિવસોમાં રૂા. ૧૧૩૧ અને તે પછી રૂા. ૧૧૧૧ સુધી ઉતરી જાય તો પણ નવાઈ નહિ લાગે.

**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**માં આગામી દિવસોમાં થોડી નબળાઈ રહેવાની સંભાવના છે. અત્યારના રૂા. ૭૯૧વાળા આ શેરમાં હજી નાના ઘટાડાની જગ્યા અને તેથી રોકાણ વધારવાની ઉતાવળ ન કરવી.

રોયલ એનફિલ્ડ મોટરસાઈકલનું ઉત્પાદન કરતી **આયશર મોટર્સ**નો શેર અત્યારે કોન્સોલિડેશનના તબક્કામાં છે. રૂા. ૨૭૦૦ આસપાસના ભાવે આ શેરમાં હજી ટૂંકી વધઘટનો શેર જોવા મળે તે સંભાવના મજબૂત છે.

**ફોર્સ મોટર્સ**માં અત્યારે નબળાઈ અને કોન્સલિડેશનનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. રૂા. ૧૧૮૩ વાળા શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૧૬૬ સુધી ભાવ ઉતરી જવાની સંભાવના છે અને તેથી થોડોક સમય આ શેરથી દૂર જ રહેવું સલાહભરેલ.

**અતુલ ઓટો**નો રૂા. ૧૯૪ ઉપરનો શેર હજી નબળાઈ અને કોન્સોલિડેશનના તબક્કામાં છે. અત્યારના ભાવથી ખાસ ઘટવાની જગ્યા નથી પરંતુ મજબૂત ઉછાળો ગમે ત્યારે શરૂ થઈ જશે અને તેથી આ શેરની મુવમેન્ટ ઉપર ખાસ ધ્યાન આપવું.

છેલ્લા એક વર્ષ દરમ્યાન ટાયર શેરોએ સુંદર ઉછાળો બતાવ્યો. ટોચની ટાયર કંપની **એપોલો ટાયર**નો શેર રૂા. ૧૦૦ના લેવલથી વધીને રૂા. ૨૨૦ ઉપર આવી ગયો છે પરંતુ તાજેતરમાં રૂા. ૨૬૧નું ટોપ બતાવ્યા પછી આ શેરમાં હવે નબળાઈ અને પ્રોફિટ બુકીંગનો ટ્રેન્ડ છે. અને આવતા થોડા દિવસોમાં આ શેર એક વખત રૂા. ૨૦૦ સુધી નીચો ઉતરી જાય તો પણ નવાઈ નહિ લાગે અને તે પછી તેમાં ટ્રેન્ડ બદલાવાની સંભાવના.

**એમઆરએફ**નો શેર અત્યારે શોર્ટટર્મ ઘટાડાની તબક્કામાં છે. રૂા. ૮૦૭૦૦વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૭૮૦૦૦ સુધી ભાવ ઉતરી જવાની ગણતરી અને તેથી શોર્ટટર્મ ખેલાડીઓએ સંભાળીને કામ કરવું જરૂરી.

**જે.કે. ટાયર**નો શેર અત્યારે રૂા. ૧૪૪ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૫૫ના ભાવની સંભાવના છે. અને તેથી તેમાં રોકાણ જાળવી રખાય. જ્યારે **સીયેટ**નો શેર અત્યારે રૂા. ૧૩૫૧ ઉપર આવી ગયો છે અને તેમાં ધીરે ધીરે ભાવ વધવાની જગ્યા છે. સીયેટ લાંબી તેજીમાં દાખલ થયો હોવાથી પાંચ કે દસ શેર આ ભાવે લઈને મૂકી શકાય અને આવતા બે મહિના દરમ્યાન આ શેર ઘણું સારું રિટર્ન આપી શકશે.

ઓફ રોડ વાહનોનું ઉત્પાદન કરતી **બાલક્રિષ્ણ ઇન્ડસ્ટ્રીઝ**નો શેર રૂા. ૨૨૪૨ ઉપર ચાલી રહ્યો છે. અને છેલ્લા એક વર્ષ દરમ્યાન આ શેરે ૧૦૦ ટકા કરતા વધારે ઉછાળો આપ્યો છે. આ શેરમાં રોકાણ જાળવી શકાય. હજી પણ આ શેર યૂરોપની જોરદાર માંગને કારણે જોરદાર ઉછાળો આપી જાય તો નવાઈ નહિ લાગે.

એક સમયની ટોચની ટાયર કંપની **ગુડિયર**નો શેર રૂા. ૧૦૧૪ ઉપર આવ્યો છે અને આ શેરમાં અતિશય ધીમા ઉછાળે ભાવ વધવાની ગણતરી છે. જૂનું રોકાણ હોય તો જાળવી શકાય. નવા રોકાણમાં આ તબકકે લાંબો કસ નથી.

દક્ષિણ ભારતની ટોચની ટાયર કંપની **ટીવીએસ શ્રીચક્ર** અત્યારે રૂા. ૨૦૫૮ ઉપર ચાલે છે અને આ શેરમાં ધીમી તેજીની શરૂઆત થઈ ગઈ છે તેથી રોકાણ જાળવી શકાય.

બેરિંગ કંપનીઓના વેચાણો ઓટોમોબાઈલ સેક્ટરની સાથે સાથે

## ગામની ગપસપ

- **પીરામલ એન્ટરપ્રાઈઝ**, મુકેશ અંબાણીનો વેવાઈ અને આ પણ એક મોટી સિદ્ધિ છે અને તેને કારણે પણ તેજીને બળ મળે. દીવાન હાઉસીંગ હસ્તગત કરવાની વાત પાછળ તોફાની ઉછાળા સાથે રૂા. ૨૨૫૭ ઉપર આવ્યો છે. રોકડી કરવાની ઉતાવળ ન કરતા, બીજી રૂા.૧૦૦ની નોટ આપી જશે. ઉપરમાં રૂા. ૨૩૯૭નો ભાવ જોવા મળે.
- **યુનાઇટેડ સ્પીરીટ**, અસલના ભાવે આઈટીસી ન લીધો હોય અને હવે તેવો મલ્ટીબેગર શેર લેવો હોય તો યુનાઈટેડ સ્પીરીટ લેવાનું ગયા અઠવાડિયે કહ્યું હતું. રૂા. ૬૪૪માં લો, ઝડપથી રૂા. ૬૭૪નો ભાવ જોવા મળે.
- **યુનાઇટેડ બ્રુવરી**, વિદેશી પ્રમોટરોને હોલ્ડિંગ વધારવાની છૂટ અપાઈ. નફો પણ સુંદર આપશે. રૂા. ૧૪૦૦ તો આવી ગયો, પકડી રાખજો, આવતા થોડા દિવસોમાં રૂા. ૧૪૪૪ના ભાવની ગણતરી.
- **બાયોકોન**, અફલાતૂન ફન્ડામેન્ટલ અને કંપની પાસે રીસર્ચના જોરદાર પ્રોજેક્ટો, રૂા. ૪૧૫ ઉપર આવી ગયો છે. થોડા દિવસોમાં જ રૂા. ૪૪૦નો ભાવ બતાવશે.
- **રાલિસ ઇન્ડિયા**, તાતા ગ્રૂપનો શેર, તાતા કેમિકલ્સ સાથે ભેળવી દેવાય તે સંભાવના મજબૂત, રૂા. ૩૪૪માં થોડાક શેરો લઈ લો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૭૪ના ભાવની ગણતરી.
- **સુંદરમ્ ફાસ્ટનર**, નવી તેજીમાં દાખલ થયો છે. રૂા. ૮૪૫માં લેવાય. ઝડપથી રૂા. ૯૦૦ના ભાવની ગણતરી.
- **બાટા ઇન્ડિયા**, ફરી એક વખત બાટાની શૂઝની માંગ વધે, બેંક વાળાઓને ઉઘરાણીમાં જવું પડે છે અને અસંખ્ય યુવકોને નોકરી શોધવામાં બાટાના પગરખાંની જરૂર, માંગ અને નફો વધ્યા, રૂા. ૧૫૪૬ના ભાવે થોડાક શેરો લઈ લો, આંકડાની અદલાબદલી કરશે. રૂા. ૧૬૫૪ નક્કી છે.
- **માઇન્ડટ્રી**, લાર્સનવાળાની કંપની અને જોરદાર બિઝનેસ કરી રહી છે. રૂા. ૨૩૧૦ ઉપર આવ્યો છે. વધારે નહિ તો પાંચ કે દસ શેર લઈને મૂકી દેવાય, ઝડપથી રૂા. ૧૦૦-૧૦૦ની બે નોટ આપી જાય.
- **ઇન્ફોસીસ**, દેશના ટોચના ફંડ મેનેજરોએ પોતાના પોર્ટફોલિયોમાં ખૂબ જ જંગી લોટમાં ઈન્ફોસીસ ભેગા કર્યા. અત્યારે શેર રૂા. ૧૪૪૦ ઉપર. આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૫૦૦ પ્લસના ભાવની ગણતરી.
- **ટીસીએસ**, પરિણામોને હવે થોડા દિવસોની વાર અને આ વખતના ટીસીએસના પરિણામ જોરદાર આવશે. ગયા અઠવાડિયે જ રૂા. ૩૧૦૦માં લેવડાવ્યો હતો. અત્યારે વધીને રૂા. ૩૨૪૬ થયો છે. ઝડપથી રૂા. ૧૦૦ વધવાની જગ્યા.
- **અદાણી ટ્રાન્સમિશન**, ગયા અઠવાડિયે આ શેર લેવડાવેલો, અને તે પછી સોમવારની સેશનમાં તોતીંગ ઉછાળો બતાવ્યો. નાનું કરેકશન પતાવીને રૂા. ૧૪૫૦ ઉપર, જાળવજો, ઝડપથી રૂા. ૧૫૪૦ના ભાવની ગણતરી અને તે પછી પણ વેચવાની ઉતાવળ ન કરતા. ઉતાવળા નહિ બનતા.

  **ઇન્ડેક્ષ**, મે મહિનો એટલે મંદીનો મહિનો અને આ મહિનો હવે પૂરો થઈ ગયો. હવે જૂન મહિનો શરૂ થશે અને તેની સાથે સાથે નિફ્ટી અને બેંક નિફ્ટીમાં તોફાની ઉછાળો જોવાય. સાથે સાથે આઈપીઓ પણ ધડાધડ આવવાનું શરૂ થઈ જશે. આપણને બધાને જોરદાર કામ રહેશે.
- **યુપીએલ**, ક્રોપ પ્રોટેક્શન અને પેસ્ટીસાઈડના ધંધામાં અત્યારે ભારતમાં સૌથી મોટું નામ, યૂરોપના માર્કેટમાં જંગી વેચાણો, નફો સુંદર આપશે, રૂા. ૮૧૯ના ભાવે ધ્યાનમાં રાખવો, ઝડપથી રૂા. ૮૫૦ કૂદાવે.
- **સ્ટેટ બેંક**, આ સરકારી શેર અંગે ભારે આશાવાદ અને ખાસ તો રાકેશ ઝુનઝુનવાલા સ્ટેટ બેંક અને કેનેરા બેંક અંગે અતિશય બુલીશ, રૂા. ૭૦૦ના ભાવની વાત પણ તેમણે કરી નાખી. એટલા બધા લલચાઈ જવાને બદલે રૂા. ૪૭૦ના લક્ષ્યાંકથી શેર જાળવી શકાય.
- **ઇન્ડેક્ષ**, કોન્સોલિડેશનનો તબક્કો પૂરો કર્યા પછી સેન્સેક્ષ અને નિફ્ટીમાં ફરી એક વખત ઉછાળાનો ટ્રેન્ડ અને હવે ધીરે ધીરે આઈટી શેરોએ પણ તેજીની દોડમાં પ્રવેશ કર્યો છે.
- **ટાઈટન**, છેલ્લા થોડા દિવસોમાં રૂા. ૧૭૪૧ ઉપર આવ્યો છે અને આ શેરમાં ખૂબ જ સુંદર ફેન્સી, થોડાક શેરો લઈને મૂકી શકાય. આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૮૦૮નો ભાવ જોવા મળી જવાની ગણતરી. જૂન ક્વાર્ટરના આંકડા અંગે ખૂબ જ આશાવાદ.
- **ડિવીસ લેબ**, થોડો ઘટીને રૂા. ૪૩૪૬ ઉપર આવ્યો, તેમ છતાં આ ફાર્મા શેરમાં જોવાતું આકર્ષણ, ભાવ ઝડપથી વધે, થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **તાતા કન્ઝ્યુમર**, આ શેરમાં જોરદાર ફેન્સી, અને ગણતરીના દિવસોમાં જ રૂા. ૬૦ વધીને રૂા. ૭૧૬ ઉપર આવ્યો, હજી મોડું નથી થયું. બે વર્ષના એન્ગલથી લેવા હોય તો મફત છે. શોર્ટટર્મમાં પણ રૂા. ૭૭૦ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, કંપની પાસે જોરદાર ઓર્ડરો, માર્ચ ક્વાર્ટર પછી જૂન ક્વાર્ટરના આંકડા પણ સુંદર આવે. રૂા. ૧૫૨૨માં થોડાક શેરો લઈને મૂકી દેવાય, ધીમા સુધારા સાથે રૂા. ૧૭૦૦ના ભાવની ગણતરી.
- **તામિલનાડુ પેટ્રો પ્રોડક્ટ**, ઘણા અઠવાડિયાથી ભેગા કરાવીએ છીએ. કોન્સોલિડેશન પતાવીને નવી તેજીમાં, રૂા.૧૧૨ના ભાવે મફત છે. ઝડપથી રૂા. ૧૩૧નો ભાવ બતાવાની ગણતરી.
- **બાટા**, માર્ચ ક્વાર્ટરના આંકડા નબળા, તેમ છતાં રૂા. ૧૬૩૨ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો, ઝડપથી રૂા. ૧૦૦ વધવાની ગણતરી.
- **પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ**, પરિણામો સુંદર આપશે, રૂા. ૨૧૩૨માં મફત છે. થોડાક શેરો લઈને મૂકી શકાય. તોફાની ઉછાળા સાથે રૂા. ૨૦૦ની નોટ આપી જવાની સંભાવના મજબૂત.


## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905

Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810

Phone No.079-26427800 FAX No.079-26421864

Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

Extract of statement of Audited Financial Results for the Quarter and Year Ended March 31, 2021 (Rs. in Lacs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended 31.03.2021 (Audited) | Quarter Ended 31.12.2020 (Unaudited) | Quarter Ended 31.03.2020 (Audited) | Year Ended 31.03.2021 (Audited) | Year Ended 31.03.2020 (Audited) |
|---|---|---|---|---|---|---|
| 1 | Total Income | 1,210.95 | 1,144.52 | 1,145.81 | 3,796.47 | 4,780.80 |
| 2 | Total Expenses | 1,128.76 | 1,108.97 | 1,106.17 | 3,648.05 | 4,636.16 |
| 3 | Profit from ordinary activities before exceptional items and tax | 82.19 | 35.55 | 39.64 | 148.42 | 144.64 |
| 4 | Profit before tax after exceptional items | 82.19 | 35.55 | 39.64 | 148.42 | 144.64 |
| 5 | Net Profit after tax (after exceptional items) | 74.44 | 22.28 | 31.75 | 119.30 | 106.68 |
| 6 | Total Comprehensive Income for the period | 77.32 | 22.12 | 30.90 | 121.70 | 106.54 |
| 7 | Paid up Equity share capital (Face value Rs. 5 each) | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 |
| 8 | Other Equity | | | | 1,353.45 | 1,231.75 |
| 9 | Earnings per share (for the quarters not annualised) | | | | | |
| | (a) Basic (Rs) | 0.34 | 0.10 | 0.14 | 0.54 | 0.48 |
| | (b) Diluted (Rs) | 0.34 | 0.10 | 0.14 | 0.54 | 0.48 |

**Notes:**

1.The above audited financial results were reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 28th June, 2021 as required under Regulation 33 of SEBI ( Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The audit report of the statutory auditors is being filed with the Bombay Stock Exchange.

2. The above is an extract of the detailed format of the audited financial results for the year ended 31 March, 2021, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the audited financial results along with Statutory Audit report is available under Investors section of our website at www.polylinkpolymers.com and under Financial Results at Corporate section of www.bseindia.com.

Date : 28th June, 2021
Place : Ahmedabad

By Order of the Board
For, Polylink Polymers (India) Limited
Sd/-
RAVIPRAKASH HARISHANKAR GOYAL
DIRECTOR
DIN : 00040570